ॐ

શ્રી પરમકૃપાળુદેવાય નમઃ

કઠોપનિષદ

શિબિર - ૬

અધ્યાય-૨ પ્રથમ વલ્લી

**Model Answer Paper** **Marks: 50**

Paper તપાસતી વખતે Model Answer Paperમાં આપવામાં આવેલા pointsને વફાદાર રહેવું. જુદાં જુદાં options આપવામાં આવ્યાં છે જેથી તપાસવામાં સરળતા રહે. તેમાંથી કોઈ પણ option લખ્યું હોય, તેનો ભાવ આવી જતો હોય, તો marks આપવા.

**(I) સાચો જવાબ પસંદ કરો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧. (b) જરૂરી છે

૨. (c) માસ્ટર ઑફ વન

3. (a) અમરપદ

૪. (c) સ્વને અને પરને

૫. (a) જ્ઞેય

**(II) નીચે આપેલ મુદ્દાઓ અને શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની ગાથાઓનાં જોડકાં બનાવો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧) c ૨) e 3) a ૪) b ૫) d

**(III) એક કે બે શબ્દોમાં જવાબ લખો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧. આંખ / ચક્ષુ

૨. મોક્ષની / આત્મજ્ઞાનની

3. બાળક

૪. આ

૫. સ્વરૂપ / દ્રવ્ય

**(IV) નીચેનું કથન સાચું છે કે ખોટું તે લખો. ખોટું હોય તો તેનું કારણ દર્શાવો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.
False લખ્યું હોય પણ કારણ ન લખ્યું હોય અથવા ખોટું કારણ લખ્યું હોય તો 0 mark આપવો.
True માટે કારણ અપેક્ષિત નથી.

૧. False. નષ્ટ નથી થતો. / આચ્છાદિત/વિસ્મૃત થતો જાય છે.

૨. True.

3. False. જાગૃત અવસ્થા પણ વિનાશી છે.

૪. False. આપણાં કોઈ પાપ છાનાં રહેતાં નથી. લોકોને ખબર ન પડે તોપણ મન ઉપર તેની અસર થશે જ. / કર્મનાં ફળથી બચવું અશક્ય છે.

૫. False. ભેદદર્શન કરનાર મૃત્યુથી મૃત્યુની યાત્રા કરે છે. / અભેદદર્શન કરનાર મૃત્યુથી મૃત્યુની યાત્રા કરતા નથી.

**(V) નીચે આપેલ શબ્દોનો અર્થ લખો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧. પરમાં જનારી / આત્માથી દૂર જનારી / આત્માને છોડી સંસારમાં વિષયભ્રમણ કરનારી / સંસારમાં વિહાર કરનારી

૨. છિદ્ર / દ્વાર / કાણું / જે દ્વારા અંદરની વસ્તુ બહાર જઈ શકે

૩. વિવેકી / બુદ્ધિમાન / આત્માર્થી

૪. આ છે ખરેખર તે / જે તેં પૂછ્યું હતું તે નિશ્ચિતપણે આ છે / આ છે તે તત્ત્વ જેના વિષે તેં પ્રશ્ન કર્યો હતો / આ જ તારું સ્વરૂપ છે / આ તું છે

૫. પૌરુષત્વવાળો / ખમીરવાળો

**(VI) એક વાક્યમાં જવાબ લખો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧. કારણ કે વૃક્ષની ડાળીઓની જેમ ઇન્દ્રિયો શરીરની બહાર નીકળે છે. / આંખ, નાક, કાન આદિ દેહની ઉપર બહાર ઉપસેલાં છે.

૨. જગતના જ્ઞાન માટે ઇન્દ્રિયોનું માધ્યમ જરૂરી છે, માટે તેને પરોક્ષ કહ્યું. - ½ mark
આત્માના જ્ઞાન માટે કોઈ માધ્યમ/ઇન્દ્રિયોની જરૂર નથી, માટે આત્માના જ્ઞાનને પ્રત્યક્ષ કહ્યું. - ½ mark

૩. હું દેહ છું, ઇન્દ્રિય છું, તેના વડે જાણું છું. / જે જણાય છે તેના પર લક્ષ આપવામાં જાણનાર વિસ્મૃત થઈ જાય છે.

૪. આત્મસ્વરૂપ / સ્વભાવ અભેદ છે. - ½ mark
ઉપાધિનો / પર્યાયનો ભેદ છે. - ½ mark

૫. આત્મા સ્વયંજ્યોતિ છે - તેની માટે કોઈ ઈંધણની જરૂર નથી જે ધુમાડો ઉત્પન્ન કરે, માટે નિર્ધૂમ કહી. / તે શુદ્ધ જ્ઞાનજ્યોતિ છે જેને કોઈ આચ્છાદિત કરી શકે નહીં, માટે નિર્ધૂમ જ્યોતિ કહી. / તે વિચારો વિનાનું ચૈતન્ય તત્ત્વ છે માટે.

**(VII) નીચે આપેલ ખોટી સમજણને સવળી કરો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧. ઇન્દ્રિયો / આંખમાં કંઈ કરવાનું નથી, પરંતુ ઇન્દ્રિયો દ્વારા જે ઊર્જા બહાર જાય છે તેને બહાર જતી રોકી ભીતર તરફ વાળવી.

૨. શુદ્ધ મન જ આત્મસન્મુખ થઈ શકે છે. / મનની પાર જતાં પહેલાં મનને શુદ્ધ કરી આત્મસન્મુખ કરવું જરૂરી છે. / મન ચંચળ, મલિન હોય તો સાધનાયાત્રામાં આગળ નથી વધી શકાતું. / મનની શુદ્ધિ એ સાધનાયાત્રાનું પ્રથમ પગલું છે અને મનની શૂન્યતા એ બીજું પગલું છે.

૩. દર્શન સરખું હોવા છતાં વ્યવહારમાં ભેદ હોય છે. / દર્શન સરખું હોવા છતાં યથાયોગ્ય વ્યવહાર થાય છે. / સ્વરૂપદૃષ્ટિ રાખીને યોગ્ય વ્યવહાર થાય છે.

૪. પાણી નિરાકાર હોવા છતાં તે જે પાત્રમાં ભરાય તેવો આકાર લે છે - લોટામાં લોટાકાર લાગે છે અને ડોલમાં ડોલાકાર લાગે છે.

૫. તે બ્રહ્મ જ હતો. અજ્ઞાનને કારણે પોતાને દેહરૂપ / મનરૂપ / ઉપાધિરૂપ / પર્યાયરૂપ માનતો હતો. તે અજ્ઞાનનો બાધ થતાં, જ્ઞાનના બોધમાં સત્ય જણાય છે કે હું શુદ્ધાત્મા હતો, છું અને રહેવાનો છું. / તે બ્રહ્મ બનતો નથી - છે તે અનુભવાય છે.

**(VIII) ટૂંકાણમાં જવાબ લખો.** **Marks: 10**

૧. દૃષ્ટાંત - બહાર વહેતાં ઝરણાં આગળ ડેમનો અવરોધ મૂકવાથી પાણી વેડફાતું અટકે છે. ત્યાં સરોવર બને છે અને સંગ્રહિત થયેલ પાણીનો ઉપયોગ સિંચન, પરિવહન, વિદ્યુત-ઉત્પાદન માટે કરી શકાય છે. - 1 mark
પરમાર્થ - ઇન્દ્રિયનિગ્રહ દ્વારા બહાર જતી ઊજા વેડફાતી અટકે છે. તે સંગ્રહિત થાય છે, જે આત્મ-અભ્યાસમાં સહાયકારી નીવડે છે. - 1 mark

૨. દૃષ્ટાંત - કોઈ કહે કે હું તાજમહેલનો ત્યાગ કરું છું તો આપણે તેને મૂર્ખ કહીશું કારણ કે તાજમહેલ તેનો હતો જ નહીં, તો ત્યાગ કઈ રીતે થઈ શકે? - 1 mark

પરમાર્થ - પરપદાર્થનો ત્યાગ કરવાની ધાંધલ મૂર્ખતા છે, કારણ કે આપણે પરપદાર્થના માલિક છીએ જ નહીં, આપણે તેને ગ્રહણ કર્યા જ નથી. તત્ત્વ સમજાતાં પદાર્થની આસક્તિ, વાસનાનો ત્યાગ થાય છે. - 1 mark

૩. દૃષ્ટાંત - એક સ્ત્રીએ તેના પતિને કહ્યું કે હું પાડોશીનાં બે રત્ન લાવી હતી, પણ મને તે બહુ ગમી ગયાં છે માટે પાછાં આપવાં નથી. પતિએ કહ્યું કે એ તારાં છે જ નહીં એટલે તારે તે પાછાં આપી દેવાં જોઈએ. સ્ત્રીએ પછી કહ્યું કે આપણને પરમાત્માએ બે રત્ન (સંતાન) આપ્યાં હતાં, તે તેમણે પાછાં લઈ લીધાં છે તો આપણે દુઃખી ન થવું જોઈએ. - 1 mark
પરમાર્થ - ગમે તે પરિસ્થિતિમાં બ્રહ્મવિદ શોક કરતા નથી. / અસ્થિર ઉદયોમાં બ્રહ્મવિદની દશા સ્થિર હોય છે. / જેઓ પોતાને સર્વ અવસ્થાથી ન્યારા, માત્ર જાણનાર તરીકે જાણે છે, જેઓ આત્મજ્ઞાની છે, તેઓ શોકથી મુક્ત થાય છે. - 1 mark

૪. દૃષ્ટાંત - જ્યારે જુનૈદે રાબિયાને પૂછ્યું કે તારી કુરાનમાં છેકા કેમ છે, ત્યારે તેણે કહ્યું કે અલ્લાહનો અનુભવ કર્યા પછી શેતાનને નફરત કરવી મારી માટે શક્ય નથી. માટે મેં મારા કુરાનમાંથી તે વાક્ય છેકયું છે. / મારી દશા એવી થઈ છે કે કુરાનની અમુક વાતો મને લાગુ પડતી નથી. - 1 mark
પરમાર્થ - અભેદદર્શન થયા પછી સર્વ પરમાત્મારૂપ ભાસવાથી કોઈની પ્રત્યે નિંદા કે જુગુપ્સાના ભાવ થતા નથી. / જેમ જેમ માર્ગમાં આગળ વધાય છે, તેમ તેમ સાધનાનું રૂપ બદલાતું જાય છે. - 1 mark

૫. રૂપક - પર્વતશિખર ઉપર વરસતું જળ નીચે ખીણમાં જુદાં જુદાં ઝરણાંરૂપે વહે છે, પરંતુ વાસ્તવમાં તે એક જળતત્ત્વ છે. - 1 mark
પરમાર્થ - ભેદદર્શન કરનારને નામ, રૂપ, પર્યાય વગેરેને કારણે અલગ અલગ લાગે છે, જ્યારે અભેદદર્શન કરનારને બધા એકસમાન જણાય છે. / સ્વરૂપદૃષ્ટિએ આત્મા એક હોવા છતાં પર્યાયદૃષ્ટિએ, દેહનાં નામ-રૂપની દૃષ્ટિએ જોનારને તે અલગ અલગ ભાસે છે. વિવેકી સર્વને એકસ્વરૂપ જુએ છે. - 1 mark

**(IX) આ વલ્લીમાં દર્શાવેલ અગ્નિની ઉપાસનાનું તાત્પર્ય નીચેના પ્રશ્નોના આધારે સમજાવો. Marks: 5**
દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧. બ્રહ્મનું / પરમાત્માનું / વિશુદ્ધ ચૈતન્યનું

૨. તે ઊર્ધ્વગામી છે. / ધરતી બધાને પોતા તરફ ખેંચે છે, પણ અગ્નિની જ્યોતને નીચે ખેંચી શકતી નથી. / દીવાને ઊલટો કરો તોપણ તેની જ્યોત ઊર્ધ્વગામી જ રહે છે. / અગ્નિના સંગે પાણી પણ પોતાનો ગુણધર્મ છોડી, વરાળ બની ઉપર જાય છે.

૩. આપણી અંદર બ્રહ્મ / પરમાત્મા છુપાયેલ છે, માત્ર તે બ્રહ્મત્વ પ્રગટ કરવાનું છે. તેને ઉત્પન્ન નથી કરવાનું.

૪. શ્રવણ-મનન-નિદિધ્યાસન / સાધના/તપ/પ્રયાસ

૫. જે રીતે ગર્ભવતી સ્ત્રી ગર્ભની સુરક્ષા કરે છે તેની / ગર્ભવતી સ્ત્રીની

* * *